**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૦૯ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

આદર વ્યક્તિનું નથી, જરૂરિયાતનું છે, જ્યારે જરૂરિયાત પૂરી થાય છે ત્યારે સન્માન સમાપ્ત થાય છે!


વર્ષ: ૧૧ ● અંક: ૨૩૩ ● તારીખ: ૨૨.૦૭.૨૦૨૬, બુધવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060




દિલ્હીમાં પીએમ આવાસ નજીક નીટ અને પેપર લીક મુદ્દે વિપક્ષના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે અટકાયત અને બળપ્રયોગ કરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને અખિલેશ યાદવ સહિતના વિપક્ષી નેતાઓ સંસદમાં ચર્ચા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ સાથે હાઈ-સિક્યોરિટી ઝોનમાં ધરણા પર બેઠા હતા. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ સાથેની વાટાઘાટો વિફળ રહ્યા બાદ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસે કડક કાર્યવાહી કરી તમામ અગ્રણી નેતાઓની બળજબરીપૂર્વક અટકાયત કરી ધરણાસ્થળ ખાલી કરાવ્યું હતું.

# દિલ્હીમાં પીએમ આવાસ પાસે કોંગ્રેસના હાઈડ્રામા સમા ધરણા

## રાહુલ, પ્રિયંકા અને અખિલેશ સહિતના નેતાઓની અટકાયતઃ પોલીસ રાહુલ ગાંધીને હાથ-પગ પકડીને ટીંગાટોળી કરી બસમાં બેસાડી ગઈઃ વાટાઘાટો વિફળઃ નીટ પર ચર્ચા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ પર અડેલા રહ્યા રાહુલ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

પાટનગર દિલ્હીમાં પીએમ આવાસ નજીક ગઈકાલે બપોરે ૩:૩૦ વાગ્યે નીટ અને પેપર લીક મુદ્દે ધરણા પર બેસેલા વિપક્ષી નેતાઓને સાંજે ૬:૩૦ વાગ્યે પોલીસે બળપ્રયોગ કરીને હટાવ્યા હતા. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સપા પ્રમુખ અખિલેશ યાદવ સહિતના અગ્રણી નેતાઓની પોલીસે અટકાયત કરી લીધી હતી.

### પ્રદર્શનકારી ઘાયલ યુવતી વેન્ટિલેટર પર, વાંગચુકની તબિયત લથડી

દિલ્હીમાં ચાલતા આંદોલનની વચ્ચે હોસ્પિટલમાંથી પણ ચિંતાજનક અહેવાલો આવ્યા હતા. CJPના પ્રદર્શન દરમિયાન ટીયર ગેસ અને નાસભાગના કારણે ૨૩ વર્ષની એક વિદ્યાર્થીની ગંભીર રીતે ઘાયલ થઈ હતી, જેને શ્વાસ લેવામાં તકલીફ થતાં RML હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવી છે. બીજી તરફ, ૨૪મા દિવસે પણ ઉપવાસ પર રહેલા સામાજિક કાર્યકર સોનમ વાંગચુકને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા બાદ તેમની તબિયતમાં એનિમિયા અને લોહીના કોષો ઘટવાના (પેનસાઇટોપેનિયા) લક્ષણો જણાયા હતા, જોકે તેમના વાઇટલ પેરામીટર્સ હાલ સ્થિર છે.

આશરે ૩ કલાક સુધી ચાલેલા ધરણા દરમિયાન કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ અને ગૃહ સચિવ ગોવિંદ મોહને રાહુલ ગાંધી સાથે બે વાર વાટાઘાટો કરી હતી, પરંતુ મંત્રણા વિફળ રહી હતી. ત્યાર બાદ ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચતા કોંગ્રેસ કાર્યકરોએ ઘેરો બનાવી લીધો હતો, જેના કારણે અડધા કલાક સુધી પોલીસ અને નેતાઓ વચ્ચે ભારે ધક્કામુક્કી તથા ઝપાઝપી થઈ હતી.

પોલીસ અને પેરા મિલિટ્રીના જવાનોએ આખરે વિરોધ પ્રદર્શન કરી રહેલા રાહુલ ગાંધીને હાથ-પગ પકડીને ટીંગાટોળી કરી ઉપાડી લીધા હતા અને બસમાં બેસાડી દીધા હતા. જે સમયે રાહુલ ગાંધીને ઉપાડવામાં આવી રહ્યા હતા, તે સમયે તેમની સાથે સપા પ્રમુખ અખિલેશ યાદવ પણ હાજર હતા અને બંનેને એક જ બસમાં લઈ જવાયા હતા. કાર્યવાહી દરમિયાન

અનુ પાના નં.૨ પર

# NEET મુદ્દે સરકાર એક્શન મોડમાંઃ સંસદમાં કિરેન રિજિજૂએ કહ્યું ૧૩ની ધરપકડ, વિલંબ વિના પુનઃપરીક્ષા યોજી પરિણામ જાહેર

**સમય સંદેશઃ નવીદિલ્હી**



સંસદના મોનસૂન સત્રની શરૂઆત સાથે જ NEET પરીક્ષામાં કથિત ગોટાળાનો મુદ્દો ભારે ગરમાયો છે. આ દરમિયાન કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ NEET મુદ્દે સરકારનો પક્ષ રાખતાં જણાવ્યું હતું કે, ગોટાળાની માહિતી મળતાં જ સરકારે ત્વરિત અને કડક કાર્યવાહી કરી હતી. ગઈકાલે વડાપ્રધાને સ્પષ્ટ કર્યું હતું કે આ મામલે ૧૩ લોકોની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલાયા છે અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને વિલંબ વગર ફરીથી પરીક્ષા યોજીને પરિણામ પણ જાહેર કરી દેવાયું હતું.

કિરેન રિજિજૂએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાને ભવિષ્યમાં આવા પેપર લીક અટકાવવા માટે લેવાઈ રહેલા સખત પગલાંની રૂપરેખા આપી છે. સરકારે દોષિતોને સખતમાં સખત સજા આપવા અને ભવિષ્ય માટે સંપૂર્ણપણે 'ફૂલપ્રૂફ સિસ્ટમ' તૈયાર કરવા પર ભાર મૂક્યો છે જેથી નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈ રમત ન રમાય. સંસદના મોનસૂન સત્ર અંગે વાત કરતાં મંત્રીએ ઉમેર્યું હતું કે, NDA સત્ર દરમિયાન સકારાત્મક ભૂમિકા ભજવશે. દેશના હિત માટે લાવવામાં આવેલા બિલો અને કાયદાકીય કામકાજને પસાર કરવા માટે અમે એકજૂથ છીએ. તેમણે વિપક્ષને પણ અપીલ કરી હતી કે અલગ-અલગ વિચારધારા હોવા છતાં દેશ, તેના ભવિષ્ય અને યુવાનોના હિત માટે તમામ પક્ષોએ મળીને કામ કરવું જોઈએ.

# ઉત્તરાખંડ બાદ મધ્ય પ્રદેશ વિધાનસભામાં UCC બિલ પસાર

## દેશનું બીજું રાજ્ય બન્યું, 'લિવ-ઈન' માટે રજિસ્ટ્રેશન બન્યું ફરજિયાત

**સમય સંદેશઃ ભોપાલ**

મધ્ય પ્રદેશ વિધાનસભામાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટા રાજકીય સમાચાર સામે આવ્યા છે. ગઈકાલે મધ્ય પ્રદેશ વિધાનસભામાં ભારે વિપક્ષી હંગામા અને ગૃહના હોબાળા વચ્ચે યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે 'સમાન નાગરિક સંહિતા' બિલ સત્તાવાર રીતે પસાર થઈ ગયું છે. આ સાથે જ ઉત્તરાખંડ બાદ યુસીસી કાયદો અપનાવનાર મધ્ય પ્રદેશ દેશનું બીજું રાજ્ય બન્યું છે.

બિલ પર ચર્ચા દરમિયાન વિપક્ષના આક્ષેપોનો જવાબ આપતા મુખ્યમંત્રી મોહન યાદવે ગૃહમાં મક્કમતાપૂર્વક નિવેદન આપ્યું હતું કે, ''જ્યારે કુદરત અને ઈશ્વરે તમામ મનુષ્યોને એક સમાન બનાવ્યા છે, તો પછી માણસો દ્વારા બનાવવામાં આવેલા કાયદામાં પણ દેશના તમામ નાગરિકો માટે સંપૂર્ણ સમાનતા હોવી જ જોઈએ.''

નિવૃત્ત જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતાવાળી કમિટી દ્વારા તૈયાર કરાયેલા આ બિલમાં કુલ ૪ ભાગ, ૪૦૪ કલમો અને ૭ પરિશિષ્ટનો સમાવેશ થાય છે. આ કાયદો ઘડતા પહેલાં કમિટી દ્વારા જનતા પાસેથી ૯.૫૮ લાખથી વધુ લેખિત અને મૌખિક સૂચનો મેળવવામાં આવ્યા હતા. આ નવા કાયદા હેઠળ હવે મધ્ય પ્રદેશમાં વસતા તમામ ધર્મ અને જ્ઞાતિના નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, બાળક દત્તક લેવું તથા જમીન અને મિલકતમાં પુત્ર અને પુત્રી બંને માટે એકસમાન કાનૂની ઉત્તરાધિકારના અધિકારો લાગુ થશે.

આ બિલમાં સૌથી મહત્વની અને ક્રાંતિકારી જોગવાઈ એ કરવામાં આવી છે કે, હવેથી રાજ્યમાં 'લિવ-ઇન રિલેશનશિપ'માં રહેતા યુગલો માટે સ્થાનિક પ્રશાસન સમક્ષ રજિસ્ટ્રેશન કરાવવું કાયદાકીય રીતે અનિવાર્ય રહેશે. આ ઉપરાંત, આઈવીએફ અથવા ટેસ્ટ ટ્યુબ બેબી પદ્ધતિથી જન્મ લેનારા બાળકોના અધિકારોની રક્ષા માટે પણ વિશેષ જોગવાઈ કરાઈ છે, જેથી આવા બાળકોને પણ પિતાની મિલકતમાં અન્ય બાળકોની જેમ જ સમાન કાનૂની દરજ્જો અને અધિકારો પ્રાપ્ત થશે.

# ભારત અને અમેરિકા FTA વિરૂદ્ધ ખેડૂતોની દિલ્હી કૂચઃ બે માગણી સ્વીકારાતાં શંભૂ બોર્ડરથી ખેડૂતોની ઘરવાપસી શરૂ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારત-અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર કરાર (FTA) સામે વિરોધ નોંધાવવા દિલ્હી કૂચ માટે નીકળેલા પંજાબના ખેડૂતોએ ગઈકાલે સવારથી શંભૂ, કુંડલી અને ખનૌરી બોર્ડર પર આક્રોશપૂર્ણ પ્રદર્શન કર્યું હતું. જોકે, સરકારે ખેડૂતોની કેટલીક મહત્વપૂર્ણ માગણીઓ સ્વીકારી લેતાં ખેડૂતોએ શંભૂ બોર્ડરથી ધીરે-ધીરે પરત ફરવાનો નિર્ણય લીધો છે. હરિયાણા પોલીસે અટકાયતમાં લીધેલા ખેડૂત નેતા ગુરનામ સિંહ ચઢૂની સહિતના



નેતાઓને મુક્ત કરવા અને કૃષિ મંત્રી સાથે બેઠક યોજવાની માગણીઓ સરકારે સ્વીકારી લીધી હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જોકે, FTA કરાર રદ કરવાની મુખ્ય માગણી પર હજુ સુધી કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. ગઈકાલે વહેલી સવારથી જ ખેડૂતોનો કાફલો દિલ્હી તરફ આગળ વધી રહ્યો હતો, ત્યારે સુરક્ષા ક્ષેત્રે કડક બંદોબસ્ત ગોઠવીને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૬૩ લાગુ કરી દેવામાં આવી હતી. ખનૌરી બોર્ડર અને ભારતમાલા એક્સપ્રેસવે પર ભારે બેરિકેડિંગ કરીને રસ્તાઓ બંધ કરાયા હતા. ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ બેરિકેડ તોડ્યા વિના શાંતિપૂર્ણ મંત્રણાથી ઉકેલ ઈચ્છે છે. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ગઈકાલે યોજાયેલી 'મંગલ મિલન' બેઠકમાં

અનુ પાના નં.૨ પર

# નવસારીમાં મેઘતાંડવઃ ૫ કલાકમાં ૯ ઈંચથી વધુ વરસાદથી ગણદેવીનું ભાટ ગામ બેટમાં ફેરવાયું, દક્ષિણ ગુજરાતમાં ૨૬ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી

**સમય સંદેશઃ નવસારી**

નવસારી જિલ્લામાં મેઘરાજાએ ગઈકાલે સાંજે તાંડવ મચાવ્યું હતું. આશરે પાંચ કલાકથી અવિરત વરસેલા મુશળધાર વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. માત્ર થોડા જ સમયમાં ૯ ઈંચથી વધુ વરસાદ નોંધાતાં અનેક વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ગણદેવી તાલુકાનું ભાટ ગામ ચારેબાજુથી પાણીથી ઘેરાઈ જતાં બેટમાં ફેરવાઈ ગયું હતું અને ગામના ૨૦૦થી વધુ ઘરોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂર પડ્યે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરાઈ છે.

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાના બીજા રાઉન્ડની ધમાકેદાર શરૂઆત સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં ૧ થી ૮ ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો છે. આ કારણે રસ્તાઓ, નાળા અને અંડરપાસમાં



પાણી ભરાઈ જતાં ધોરીમાર્ગો પર વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. રાજ્યના ફ્લડ કંટ્રોલ રૂમના આંકડા મુજબ, ગત ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લાના ૧૬૫ તાલુકાઓમાં ૧ થી ૨૦૫ મિમી સુધીનો વરસાદ નોંધાયો છે, જેનાથી સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૨૮.૭૮% એ પહોંચ્યો છે. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો વલસાડના પારડીમાં ૨૦૮ મિમી, નાનાપોંઢામાં ૧૮૨ મિમી, વાપીમાં ૧૮૨ મિમી, નવસારીના ખેરગામમાં ૨૦૨ મિમી, જલાલપોરમાં ૧૫૫ મિમી અને ચીખલીમાં ૧૪૬ મિમી ભારે વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગના અનુમાન અનુસાર, આગામી ૨૬ જુલાઈ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં હળવાથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સુરત, નવસારી, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાઓમાં અતિભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કચ્છ, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા સહિતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડે તેવી આગાહી કરવામાં આવી છે.

# કોરોનામાં જીવ ગુમાવનારા GSRTCના કર્મચારીઓના પરિવારજનો માટે સહાયની જાહેરાત, ૨૫ લાખ આપશે સરકાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોરોના મહામારી દરમિયાન નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતાં સંક્રમણના કારણે જીવ ગુમાવનારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ૧૧૫ કર્મચારીઓના પરિવારોને રૂ. ૨૫ લાખની એક્સ-ગ્રેશિયા સહાયના ચેકનું વિતરણ ૨૭ જુલાઈના રોજ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૧ સ્થિત નર્મદા હોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં કરવામાં આવશે. આ પહેલ હેઠળ કુલ રૂ. ૨૮.૭૫ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે.




રાજ્યના જાહેર પરિવહનની કરોડરજ્જુ સમાન GSRTC દરરોજ ૮,૦૦૦થી વધુ બસોનું સંચાલન કરીને ૩૪ લાખ કિલોમીટરથી વધુ અંતર કાપે છે અને ૨૭ લાખથી વધુ મુસાફરોને સેવા પૂરી પાડે છે. કોર્પોરેશનના ડ્રાઇવરો, કંડક્ટરો અને મિકેનિકો જાહેર પરિવહન વ્યવસ્થાને સતત કાર્યરત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કોવિડ-૧૯ મહામારી દરમિયાન GSRTCએ ગુજરાતમાં રહેતા પ્રવાસી શ્રમિકો અને મજૂરોને તેમના વતન સુધી સુરક્ષિત પહોંચાડવા માટે ત્રણ રાજ્યોમાં ૨૨,૯૫૩ ટ્રિપ્સ યોજીને ૬,૯૯,૩૫૭ મુસાફરોને તેમના ઘર સુધી પહોંચાડ્યા હતા. આ વિશાળ રાહત કામગીરી દરમિયાન ફરજ બજાવતાં અનેક કર્મચારીઓ સંક્રમિત થયા હતા, જેમાં ૩૯ ડ્રાઈવર, ૩૧ કંડક્ટર, ૨૯ વહીવટી

અનુ પાના નં.૨ પર

# ધારાસભ્ય હાર્દિક પટેલને વધુ એક કેસમાં રાહત, પાટીદાર અનામત આંદોલન સમયનો ગુનો પરત ખેંચાયો



**સમય સંદેશઃ ગાંધીનગર**

વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલને પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા વધુ એક કેસમાં રાહત મળી છે. રાજ્ય સરકારે પાટીદાર અનામત આંદોલન સમય દરમિયાન નોંધાયેલા કેસોની સમીક્ષા બાદ નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો એક વધુ ગુનો પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે.

આ કેસમાં હાર્દિક પટેલ ઉપરાંત ગીતા પટેલ સહિત આંદોલન સાથે સંકળાયેલા અન્ય નેતાઓને પણ આરોપી તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. સરકારના નિર્ણય બાદ તમામ આરોપીઓ સામેનો ગુનો સત્તાવાર રીતે પરત ખેંચવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન દરમિયાન રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અનેક કેસ નોંધાયા હતા. છેલ્લા કેટલાક સમયથી સરકાર દ્વારા આવા કેસોની તબક્કાવાર સમીક્ષા કરીને અનેક કેસો પરત ખેંચવામાં આવી રહ્યા છે. નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસને પરત ખેંચાતા હાર્દિક પટેલ સહિત તમામ આરોપીઓને વધુ એક કાનૂની રાહત મળી છે. આ નિર્ણય બાદ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, આ મુદ્દે હાર્દિક પટેલ અથવા રાજ્ય સરકાર તરફથી કોઈ વિગતવાર સત્તાવાર નિવેદન જાહેર થયું નથી.


## તંત્રી સ્થાનેથી..

### વસ્તીનું પરિદૃશ્ય !

ભારતનો મોટો ભાગ વસ્તી વૃદ્ધિને બદલે ઘટતા જન્મ દરનો સામનો કરી રહ્યો છે, ત્યારે પરિવારના કદના આધારે નાગરિકોને ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવીને સજા કરવી ગેરવાજબી લાગે છે. આવા કાયદા, જે સમય જતાં અપ્રસ્તુત બની ગયા છે, ગરીબ અને ગ્રામીણ પરિવારો, ખાસ કરીને મહિલાઓ પર અપ્રમાણસર અસર કરે છે. તે લોકશાહી વ્યવસ્થામાં તેમની ભાગીદારીને મર્યાદિત કરે છે. નીતિ નિર્માતાઓએ ગંભીરતાથી વિચાર કરવો જોઈએ કે વર્તમાન વસ્તી વિષયક લાભાંશ – એટલે કે, આર્થિક વિકાસને આગળ ધપાવતી મોટી કાર્યકારી વયની વસ્તી – કાયમ માટે આપણો ફાયદો રહેશે નહીં. વસ્તી વૃદ્ધિમાં વર્તમાન ઘટાડાને કારણે, આગામી દાયકાઓમાં વૃદ્ધ વસ્તીનો હિસ્સો વધશે. પરિણામે, ઓછા પ્રજનન દર ધરાવતા રાજ્યોએ વૃદ્ધ વસ્તીના વધારાને કારણે કાર્યકારી વયની વસ્તીની અછત અને સામાજિક સુરક્ષાના બોજમાં વધારો થવા માટે તૈયારી કરવી જોઈએ. દરમિયાન, ઉચ્ચ પ્રજનન દર ધરાવતા રાજ્યોએ તેમની યુવા વસ્તીને ઉત્પાદક માનવ મૂડીમાં રૂપાંતરિત કરવા માટે શિક્ષણ, આરોગ્યસંભાળ, પોષણ અને રોજગાર સર્જનમાં સતત રોકાણ કરવાની જરૂર છે. નિઃશંકપણે, જૂના વસ્તી નિયંત્રણ પગલાંને પુરાવા–આધારિત, પ્રદેશ–વિશિષ્ટ વસ્તી વિષયક નીતિઓ સાથે બદલવાનો સમય આવી ગયો છે. આપણે વસ્તી પરની ચર્ચાને ફક્ત સંખ્યાઓને નિયંત્રિત કરવાને બદલે ન્યાયી અને દૂરંદેશી સાથે પરિવર્તનનું સંચાલન કરવા તરફ ફેરવવી જોઈએ. દક્ષિણ ભારતીય રાજ્યોએ ઘણીવાર દાવો કર્યો છે કે તેમણે રાષ્ટ્રીય ચિંતાઓ માટે ઈમાનદારીપૂર્વક વસ્તી નિયંત્રણ હાથ ધર્યું છે. જો કે, તેઓ હવે ઓછા નાણાકીય સંસાધનોના રૂપમાં કિંમત ચૂકવી રહ્યા છે. તેઓ આરોપ લગાવે છે કે ઉત્તરીય રાજ્યો, જેમણે વસ્તી નિયંત્રણની અવગણના કરી છે, તેમને કેન્દ્ર તરફથી વધુ નાણાકીય સંસાધનો ફાળવવામાં આવે છે. મહિલા અનામતના અમલીકરણમાં સીમાંકન મુદ્દા સામે દક્ષિણ ભારતીય રાજ્યો દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ઉગ્ર વિરોધને પણ આ દ્રષ્ટિએ જોવો જોઈએ. ભારત એક વિરાટ જનસમુદાય છે. એના વિવિધ પ્રજા સમૂહમાં અસંખ્ય ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાઓના આકાશગંગા જેવા સંગમ તીર્થ રચાયેલા છે. આ સંયોગો સાથે જો વિકાસ અને આયોજનની ડિઝાઈનનો તાલમેલ ન બેસે તો શાસન પ્રવર્તકોએ ભવિષ્ય ઠેબે ચડાવેલું ગણાશે. આપણા દેશના નેતાઓની સૌથી મોટી સમસ્યા એ છે કે જેમાં તેમને તરતની વાહવાહી ન મળે એવા કામ તેઓ હાથ પર લેતા નથી.



## હાલારના હાલહવાલ



# દ્વારકા જીલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક મળી

## ધારાસભ્ય મુળુભાઈ બેરાએ જનહિત પ્રશ્નોને અગ્રતા આપી તાકીદે કામ પૂર્ણ કરવા સૂચન આપ્યા

**સમય સંદેશઃ દ્વારકા**

ખંભાળિયામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં અહીંના ધારાસભ્ય મુળુભાઈ બેરાએ વિવિધ જનહિત પ્રશ્નોને ટોચ અગ્રતા આપી તાકીદે પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, બરડા જંગલ સફારી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ અંતર્ગત જમીન સંપાદન અને માપણી, ભાણવડ તાલુકાના મેવાસા ગામે તળાવની કામગીરી, સૌની યોજના અંતર્ગત આંબરડી, જે.પી. દેવળીયા,



ભણગોર, ચોખંડા તથા શેઢાખાઈ ડેમ, ચોખંડા જામપર ડેમને નર્મદાના નીર આપવા તેમજ વીજ વિભાગના પ્રશ્નો, માર્ગ મરામતની કામગીરી, ભાણવડ ખાતેની વી.એમ.ઘેલાણી સરકારી હાઈસ્કૂલની જર્જરિત બિલ્ડિંગને દૂર કરવા તથા ધાર્મિક પ્રવાસન સ્થળોને વિકસિત કરવા સહિતના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, લોકોપયોગી યોજનાઓ અસરકારક અમલીકરણ અને છેવાડાના માનવી સુધી કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓનો લાભ પહોંચાડવા માટે તત્પરતા દાખવી યોગ્ય લાભાર્થીને લાભ આપવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ વીજ પુરવઠો, માર્ગ મરામત, આરોગ્ય, સિંચાઈ, સ્વચ્છતા સહિતના વિભાગોના વિવિધ પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ જિલ્લાના સંબંધિત વિભાગોના અમલી કરણ અધિકારીઓને પદાધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોને તાકીદે ઉકેલ લાવવા જણાવ્યું હતું.

# દ્વારકાના DDO બન્યા કેતન જોશીઃ PGVCLના MDને દેવભૂમિ દ્વારકાના જિલ્લા વિકાસ અધિકારી બનાવાયા

**સમય સંદેશઃ દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લાંબા સમયથી ખાલી પડેલી જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની જગ્યા પર પીજીવીસીએલ (PGVCL) રાજકોટના મેનેજિંગ ડિરેક્ટર (MD) કેતન જોશીની નિમણૂક કરવામાં આવી છે. કેતન જોશી અગાઉ પીજીવીસીએલ રાજકોટના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ હવે દેવભૂમિ દ્વારકાના DDO તરીકેનો કાર્યભાર સંભાળશે. ઉલ્લેખનીય છે કે, કેતન જોશીએ અગાઉ જ્યારે દ્વારકા જિલ્લો જામનગરનો ભાગ હતો, ત્યારે ડેપ્યુટી ડીડીઓ, ડેપ્યુટી કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારી તરીકે પણ સેવા આપી હતી. આ નિમણૂક સાથે તેઓ ફરી આ પ્રદેશમાં ફરજ બજાવશે.

# લાલપુરના મેઘપર ગામે રહેણાંક મકાનમાંથી અડધા લાખના દાગીનાની થઈ ઉઠાંતરી

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામે રહેતા રાજેશભાઈ નરભેરામ અગ્રાવત એ મેઘપર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદીના પત્ની મીતાબેને કબાટના લોકરમાંથી સોનાના બુટીયાની એક જોડી રીપેરિંગ માટે કાઢી હતી. તે સમયે ઉતાવળમાં કબાટનું લોક મારવાનું રહી ગયું હતું. ત્યારબાદ બંને પતિ-પત્ની જામનગર રીપેરિંગ માટે ગયા હતા અને બુટીયા પહેરી લીધા હતા.

પછી તા. ૨૮ મે ૨૦૨૬ના રોજ પત્ની પૈસા મૂકવા માટે લોકર ખોલતાં અંદર રાખેલો ત્રણ તોલાનો સોનાનો હાર અને બે તોલાની સોનાની ચેઈન-પેન્ડલ ગાયબ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જ્યારે અન્ય સોનાના દાગીના લોકરમાં યથાવત હતા. પરિવારજનો સાથે સમગ્ર ઘરમાં શોધખોળ કરવા છતાં દાગીના મળી આવ્યા ન હતા, અને પરિવારના સભ્યોએ પણ દાગીના લીધા ન હોવાનું જણાવ્યું હતું.


ઘરમાંથી ત્રણ તોલાના હારની કિંમત રૂ. ૩૦,૩૦૦ તથા બે તોલાની ચેઈન-પેન્ડલની કિંમત રૂ. ૨૦,૨૦૦ મળી કુલ રૂ. ૫૦,૫૦૦ના દાગીના ગાયબ થયા છે. આ સમયગાળા દરમિયાન ઘરમાં અવરજવર કરનારાઓમાંથી કોઈએ ચોરી કરી હોવાની શંકાના આધારે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

## ખંભાળિયાનો શખ્સ વિદેશી દારૂ સાથે ઝડપાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામના વાડી વિસ્તારમાં રહેતા અને દૂધની ડેરી ચલાવતા ખેંગાર ઉર્ફે રઘુ રામદે સંધિયા નામના ૨૪ વર્ષના શખ્સને પોલીસે રૂ. ૧,૬૯૫ ની કિંમતની વિદેશી દારૂની ૩ બોટલ સાથે ઝડપી લઇ, પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# ખંભાળિયામાં લક્ષ્મીનારાયણ મંદિર પાસે કુવામાં ગાય પડીઃ પાલિકા ફાયર વિભાગ અને એનિમલ કેર ગ્રુપે ગાયને બચાવી



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરના બેઠક રોડ પાસે આવેલા લક્ષ્મી નારાયણ મંદિરની ગૌશાળામાં એક ગાય કૂવામાં પડી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટ, ખંભાળિયાની ટીમ અને નગરપાલિકા ફાયર વિભાગના જવાનો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. બંને ટીમો દ્વારા સંયુક્ત રીતે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ગાયને કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. રેસ્ક્યુ દરમિયાન તમામ જરૂરી સાવચેતી રાખવામાં આવી હતી. આ કામગીરીમાં સહયોગ આપનાર ફાયર વિભાગના જવાનો અને એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટની ટીમનો સ્થાનિક લોકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરના અપના બજાર નજીકથી ચાર જુગારી ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ટાઉનહોલ નજીક અપના બજાર સામે જાહેર રોડ પર એકી-બેકીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સીટી 'એ' ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે દરોડો પાડી ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી જુગારમાં વપરાતી રોકડ સહિત કુલ રૂા.૪,૦૧૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન જાહેરમાં ભારતીય ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીના આંકડા બોલી પૈસાની હારજીતનો જુગાર રમતા ચારેય શખ્સો ધર્મેશ મુકુંદભાઈ રાયઠ્ઠા (રહે. પટેલ કોલોની, વિકાસગૃહ રોડ), લલીતભાઈ રમેશચંદ્ર જોષી (રહે. ચાંદીબજાર, શીતળાફળી), જુસબ ઇસ્માઈલભાઈ જુણેજા (રહે. ઘરારનગર-૧) અને અબ્બાસ સુલેમાનભાઈ રાજાણી (રહે. આઠ માળીયા આવાસ, મયુરનગર મેઈન રોડ) ની અટકાયત કરી લેવામાં આવી છે. આ અંગે સીટી 'એ' ડિવિઝન પોલીસ મથકે જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી ચારેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ખંભાળિયા નજીક પવન ચક્કીના રૂ. ૧૫.૫૦ લાખના વાયર તેમજ કોપર પ્લેટની ચોરી

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાથી આશરે ૨૮ કિલોમીટર દૂર મોટી ખોખરી ગામે આવેલી પાવરીકા રીન્યુએબલ ઇન્ફ્રા પ્રા. લિ. ના પવન ચક્કીના ચોક્કસ લોકેશનની બહારના ભાગે આવેલો દરવાજો ખોલી, ગત તા. ૩૦ જૂનથી તા. ૭ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરો અહીં રાખવામાં આવેલા રૂ.૧૫ લાખની કિંમતના ઇલેક્ટ્રીક વાયર તથા રૂ.૫૦ હજારની કિંમતની કોપર પ્લેટની ચોરી કરીને લઈ ગયા હોવાની ફરિયાદ કંપનીના મેનેજર સ્નેહલકુમાર ચંદુલાલ પટેલ (ઉ.વ.૩૯, રહે. મુળ વિજાપુર, જી. મહેસાણા) દ્વારા અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જેથી પોલીસે અજાણ્યા તસ્કરો સામે બી.એન.એસ.ની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ અહીંના પી.એસ.આઈ. જે.ટી. ચાવડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામ્યુકોમાં સ્વચ્છતા અભિયાનઃ શાખાઓમાંથી બિનજરૂરી સામાનનો નિકાલ કરવા કમિશનરની સૂચના

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દિલીપસિંહ રાઠોડ દ્વારા મનપાની તમામ શાખાઓમાં સ્વચ્છતા જાળવવા માટે એક મહત્વપૂર્ણ અને સ્તુત્ય પગલું ભરવામાં આવ્યું છે. તેમણે મનપાની વિવિધ શાખાઓમાં લાંબા સમયથી પડતર રહેલા બિનજરૂરી સામાન અને ભંગારનો તાત્કાલિક નિકાલ કરવા અધિકારીઓને કડક સૂચનાઓ આપી છે. આ કામગીરી અંતર્ગત શાખાઓમાં પડ્યા રહેલા તૂટેલા ટેબલ, ખુરશી, લોખંડના કબાટ, સાદા લાકડા, એલ્યુમિનિયમ, ગેલ્વેનાઈઝ્ડ ભંગાર, પ્લાસ્ટિક, એક્રેલિક તથા ઇલેક્ટ્રિક ભંગાર સહિતના સામાનનો આગામી પાંચ દિવસમાં નિકાલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત કમિશનરે શહેરના આર્કિટેક્ટ્સ અને બિલ્ડરો સાથે એક ખાસ બેઠક યોજી હતી. આ બેઠકમાં શહેરમાં થતા નવા બાંધકામોમાં વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ (વોટર હાર્વેસ્ટિંગ) થાય તે પ્રકારનું આયોજન કરવા અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નવા નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અંગે ગંભીરતાથી વિચારણા કરવામાં આવી હતી. કમિશનરના આ સકારાત્મક અભિગમથી મનપાની કચેરીઓ સ્વચ્છ બનશે અને શહેરમાં જળસંચયની પ્રવૃત્તિને પણ નવું બળ મળશે.

## અનુસંધાન

### 30 લાખના ચેક પરત

(પાના નં. ૪ થી આગળ)

આરોપી વળતર ની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૩ (ત્રણ) માસ ની સજા નો હુકમ કરેલ, જે હુકમ થી આરોપી નારાજ થઈ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ કોર્ટ માં અપીલ કરેલ, જે અપીલ પણ ડીસ્ટ્રકીટ કોર્ટમાં ચાલી જતાં મુળ ફરીયાદીના વકિલ નીતલ એમ. ધ્રુવ ની તમામ દલીલો તથા મુળ ફરીયાદી તરફે ના અલગ-અલગ હાઈકોર્ટના તથા સુપ્રિમકોર્ટના ચુકાદાઓ રજુ કરેલ જે ધ્યાને લઈ નીચેની કોર્ટનો હુકમ ડીસ્ટ્રીકટ કોર્ટે યથાવત રાખેલ છે. મુળ ફરીયાદી નીપાબેન વિરલભાઈ ઝવેરી તરફે સીનીયર ધારાશાસ્ત્રી નીતલ એમ. ધ્રુવ, ડેનીશા એન. ધ્રુવ, પુજા એમ. ધ્રુવ, ભાવેશભાઈ જે. દુલેરા, આશિષ પી. ફટાણીયા, દવનિશ એમ. જોશી, અલ્ફાઝ એ. મુંદ્રા, અશ્વિન એ. સોનગરા, પ્રિતેશ કે. ભટ્ટ રોકાયેલ હતા.

### ૧૫ જુગારી પકડાયા

(પાના નં. ૪ થી આગળ)

અજવાળે ગંજીપાના વડે જુગાર રમી રહેલા અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના રહીશ પુંજાજી ડાયાજી ઠાકોર, જીગર કમલેશભાઈ પટેલ, ભુપેન્દ્ર જમનભાઈ પટેલ અને રોહિત મહેન્દ્રભાઈ પટેલ નામના ચાર શખ્સોને ઝડપી લઇ, રૂ. ૭૪ હજારની રોકડ રકમ તથા રૂ. ૧૫,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૮૯ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

કલ્યાણપુર પોલીસની કાર્યવાહીમાં કલ્યાણપુરથી આશરે ૨૫ કિલોમીટર દૂર લાંબા ગામે ગતરાત્રિના આશરે નવ વાગ્યાના સમયે જાહેરમાં ગંજીપાના વડે રોન પોલીસનો જુગાર રમી રહેલા અરજણ પાલાભાઈ ચેતરીયા, હમીર જેઠાભાઈ રાવલીયા, અજય સામતભાઈ ચાનપા અને રાજશી જેઠાભાઈ રાવલીયા નામના ચાર શખ્સોને પોલીસે રૂ. ૬,૫૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી લઇ, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

### હાઈડ્રામા સમા ધરણા

(પાના નં. ૧ થી આગળ)

રાહુલ ગાંધીના નાક પર ઈજાના નિશાન પણ દેખાયા હતા. બીજી તરફ, ૧૨થી વધુ મહિલા પોલીસ કર્મચારીઓએ પ્રિયંકા ગાંધીને ઘેરીને તેમની પણ અટકાયત કરી પોલીસ વાનમાં બેસાડી દીધા હતા.

ધરણા સ્થળેથી નેતાઓને ખસેડવા માટે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે રાહુલ ગાંધી સાથે આશરે ૨૦ મિનિટ સુધી મંત્રણા કરી હતી. ત્યારબાદ જિતેન્દ્ર સિંહે ગૃહમંત્રી અમિત શાહ સાથે વાતચીત કરીને ફરીથી રાહુલ ગાંધીનો સંપર્ક કર્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે રાહુલે સંસદમાં નીટ પર ચર્ચાની માગ કરી હતી, જે સરકારે સ્વીકારી લીધી હતી. પરંતુ ત્યાર બાદ રાહુલે નવી શરત મૂકી કે સંસદમાં ચર્ચાની સાથે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પણ જોઈએ. સરકારે માગ ન સ્વીકારતા આખરે પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા કડક કાર્યવાહી કરી હતી.

લોક કલ્યાણ માર્ગ પર વડાપ્રધાનનું સત્તાવાર નિવાસસ્થાન આવેલું હોવાથી તે અતિસંવેદનશીલ હાઈ-સિક્યોરિટી ઝોન છે અને ત્યાં કાયમ માટે કલમ ૧૬૩ (અગાઉની કલમ ૧૪૪) લાગુ રહે છે. આ 'નો-પ્રોટેસ્ટ ઝોન' હોવાથી સામાન્ય રીતે કોઈપણ પ્રદર્શનની મંજૂરી અપાતી નથી. કોંગ્રેસનું આ પ્રદર્શન અત્યંત સીક્રેટ રહ્યું હતું; રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના તમામ નેતાઓ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાનેથી ગુપ્ત રીતે પીએમ આવાસ તરફ પગપાળા નીકળ્યા હતા. તેઓ પીએમ આવાસથી માત્ર ૧૦૦ મીટર દૂર હતા ત્યારે જ તંત્ર અને મીડિયાને જાણ થઈ હતી.

### ભારત અને અમેરિકા

(પાના નં. ૧ થી આગળ)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશ્વાસન આપ્યું છે કે ખેડૂતોના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે અને તેમને કોઈ નુકસાન થવા દેવાશે નહીં. ખેડૂતોની મુખ્ય ચિંતા એ છે કે જો ભારત અને અમેરિકા વચ્ચે આ FTA કરાર લાગુ થઈ જશે, તો વિદેશી કૃષિ અને ડેરી ઉત્પાદનો ભારતીય બજારમાં સસ્તા ભાવે ઉપલબ્ધ થશે, જેનાથી સ્થાનિક ખેડૂતો, ડેરી ઉદ્યોગ અને ગ્રામીણ અર્થતંત્રને મોટો ફટકો પડશે. હાલમાં હરિયાણાના મંત્રી શ્યામ સિંહ રાણા દ્વારા મુકાયેલા પ્રસ્તાવ પર ચર્ચા કર્યા બાદ જ ખેડૂતો આગામી વ્યૂહરચના નક્કી કરશે.

### કોરોનામાં જીવ ગુમાવનારા

(પાના નં. ૧ થી આગળ)

કર્મચારીઓ અને ૧૬ મિકેનિક મળી કુલ ૧૧૫ કર્મચારીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કોવિડ-૧૯ ફરજ દરમિયાન સરકારી કર્મચારીઓના મૃત્યુના કિસ્સામાં તેમને 'કોરોના વોરિયર' ગણીને આર્થિક સહાય ચૂકવવાનો પરિપત્ર હતો. પરંતુ GSRTC એક નિગમ હોવાના કારણે તેના કર્મચારીઓના પરિવારજનોને આ લાભ મળવા અંગે ટેકનિકલ આંટીઘૂંટી ઊભી થઈ હતી. આ મુદ્દાને અત્યંત સંવેદનશીલતાથી ધ્યાને લઈને તેનો યોગ્ય રસ્તો કાઢવામાં આવ્યો છે અને GSRTCના તમામ ૧૧૫ મૃતક કર્મચારીઓને કોરોના વોરિયર ગણીને તેમના વારસદારોને રૂ. ૨૫ લાખની સહાય ચૂકવવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. કોર્પોરેશન દ્વારા રચાયેલી વિશેષ સમિતિની વિગતવાર ચકાસણી બાદ આ પાત્ર પરિવારો નક્કી કરવામાં આવ્યા છે.

### મામાનો હુમલો

(પાના નં. ૪ થી આગળ)

આપ્યાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. બનાવ અંગે જી.જી. હોસ્પીટલમાંથી પોલીસને જાણ કરાયા બાદ તા.૧૮ જુલાઇ, ૨૦૨૬ના રોજ શેઠ વડાળા પોલીસ મથકમાં સવદાસભાઇ ધનાભાઇ કંડોરીયા અને ડાયબેન સવદાસભાઇ કંડોરીયા સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૩), ૫૪ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### કોર્પોરેટરો વચ્ચેની ગેંગવોર

(પાના નં. ૪ થી આગળ)

ડિસેમ્બરની સાંજે જેએમસી કચેરી સામે હુમલો થયા બાદ બંને જૂથ વચ્ચે સામસામે હુમલા અને માથાકૂટ થતી હતી, જે છેવટે ફાયરિંગ સુધી પહોંચી ગઈ હતી. ત્યારબાદ પોલીસે ૨૯ શખ્સો સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં અલ્તાફ ખફી જૂથના ૧૧ શખ્સો સામે કુલ ૧૧ વિવિધ ગુનાઓ નોંધાયેલા હતા, જ્યારે સામે પક્ષે અસલમ ખીલજી જૂથના ૧૮ સભ્યો સામે જુદા-જુદા ૪૬ ગુનાઓ નોંધાયેલા હતા. આ તમામ આરોપીઓ સામે પોલીસે વિગતવાર રેકોર્ડ તૈયાર કરીને કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

# જામનગરમાંથી ઈંગ્લીશ દારૂની ૯૪ બોટલ સાથે એકની અટકાયત

## કુલ રૂ. ૨૪,૮૪૦ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી લેતી જામનગર એલ.સી.બી.

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ રાજકોટ નિર્લિપ્ત રાય નાઓ દવારા પ્રોહીબીશન તથા જુગાર ધારા હેઠળના કેસો શોધી કાઢવા જણાવેલ હોય, જેથી જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક ડો. રવિ મોહન સૈનીનાઓએ જામનગર જીલ્લામાથી દારૂ જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા સારૂ પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પોલીસ ઇન્સ. વી.બી.ચૌધરીનાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઈ.એમ.વી.ભાટીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના હિતેન્દ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ ઝાલા તથા રૂષીરાજસિંહ વાળાને મળેલ ખાનગી સંયુકત બાતમી આધારે જામનગર શહેરમા ફોરેસ્ટ કચેરી સામે, બ્રીજ નીચેથી આરોપી ભુપેન્દ્રસીંગ શીવપ્રકાશસીંગ (ઉવ.૪૨, રહે. નવાગામઘેડ, સરસ્વતી સોસાયટી, પ્લોટ નંબર ૧૦/૮, જામનગર મુળ- હરીપુર તા.લાલગંજ જી.રાયબરેલી યુ.પી. વાળા) ના કબ્જામાંથી અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારુની નાની મોટી બોટલો નંગ-૯૪ કિ.રૂ. ૧૯,૮૪૦/- તથા મોબાઇલ ફોન કિ.રૂ. ૫૦૦૦/- મળી કુલ રૂ. ૨૪,૮૪૦- નો મુદામાલ કબ્જે કરી મજકુર આરોપી વિરુધ્ધ પો. કોન્સ. મયુરસિંહ પરમારએ ફરીયાદ રીપોર્ટ આપતા પો.હેડ કોન્સ. દિલીપભાઇ તલાવડીયા નાઓએ પ્રોહીબીશન ધારા હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. સદરહુ દારૂનો જથ્થો મજકુર આરોપી ગોવામા જેએમજે વાઇન શોપ માંથી લઇ આવેલ હોય, જે અંગે તપાસ કાર્યવાહી ચાલુમાં છે.

આ કાર્યવાહી પો.ઇન્સ. વી.બી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. એમ.વી.ભાટીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામભાઇ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલિંહ જાડેજા, ભરતભાઇ ડાંગર, કિશોરભાઇ પરમાર, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અરજયભાઇ વીરડા, ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# જામનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા અનેક ગામો વાવણીથી વંચિત

## ગત વર્ષ કરતાં પ્રમાણમાં ઓછા કહી શકાય તેમ ૧.૮૯ લાખ હેક્ટરમાં કરાયેલ વાવેતર ઉપર પણ ઘેરાયા મુશ્કેલીના વાદળો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જીલ્લામાં હાલ દુષ્કાળના ડાકલા વાગી રહ્યા હોય તેવી સ્થિતિથી ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. જિલ્લાના ઘણા ગામોમાં વાવણી થઈ ચૂકી અને અનેક ગામો વાવણી વિહોણા છે. મોંઘામુલા બિયારણ અને ખાતરના વાવેતર બાદ હવે વરસાદ ખેંચાતા ખેડૂતો આકાશ તરફ મીટ માંડીને અનરાધારની આશાએ બેઠા છે. હાલ જિલ્લામાં ૧.૮૯ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે.

બીજી બાજુ અષાઢ મહિનો શરૂ હોવા છતાં આજે પણ જિલ્લાના સંખ્યાબંધ ગામોમાં વાવણી પણ થઈ ન હોવાથી દુષ્કાળ જેવી સ્થિતિને લઈ ખેડૂતો માટે આ વર્ષ પોતાના પરિવારનું ગુજરાન કેમ ચલાવવું? એ વિચાર માત્ર ડરામણા દ્રશ્ય ઊભા કરી રહ્યા છે. હાલની સિઝનમાં તાલુકાવાર ખરીફ પાકના વાવેતરની વાત કરીએ તો ધ્રોલ તાલુકામાં મગફળીનું ૧૨,૩૨૫ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે અને કપાસનું ૨૧૬૭ હેક્ટર સહિત કુલ ૧૪,૬૪૨ હેક્ટરમાં વાવેતર થયું છે. ઉપરાંત જામજોધપુર તાલુકામાં સૌથી સારો વરસાદ થયો છે જેમાં ૨૮,૭૦૬, મગફળી સોયાબીન ૮૪૯૨ અને ૯૦૮૩ મા કપાસ સહિત ૪૬,૩૦૮ હેક્ટરમાં વાવેતર થયું છે.

જામનગરમાં ૨૮,૭૭૬ માં મગફળી, સોયાબીન અને ૮૬૬૪ હેક્ટર જમીન સહિત ૩૭,૮૪૦ હેક્ટરમાં તબકાવાર વાવેતર થયું છે. જોડીયામાં કરીએ ૧૧,૨૮૫ હેક્ટરમાં મગફળી, ફળીનું ૪૭૧૫ માં કપાસ સહિત ૧૬,૦૦૪ વાવેતર માં વાવણી શક્ય બની છે.

કાલાવડમાં હેક્ટર ૪૭,૮૬૭ માં મગફળી અને ટરમાં ૧૮,૮૯૩ માં કપાસ સહિત ધપુર ૬૯,૧૩૭ હેક્ટરમાં વાવેતરનોંધાયું છે. જ્યારે લાલપુર તાલુકાની ૪૧૪૩ હેક્ટર જમીનમાં મગફળી અને માત્ર ૯૧૨ મા કપાસ સહિત ૫૦૯૧ હેક્ટર જમીનમાં વાવેતર નોંધાયું છે. જ્યારે સરેરાશ વાત કરીએ તો જિલ્લાની ૧,૩૩ લાખ હેક્ટરમાં મગફળી અને ૪૪,૪૩૪ માં કપાસ, સોયાબીન શાકભાજી સહિત ૧.૮૯ લાખ હેક્ટર જમીનમાં પાકનું વાવેતર નોંધાયું છે.

આંકડા અનુસાર સૌથી વધુ વાવેતર કાલાવડ તાલુકામાં નોંધાયું છે. જિલ્લામાં અત્યાર સુધી થયેલા ખરીફ વાવેતરમાં કાલાવડ પ્રથમ ક્રમે છે. જ્યારે બીજા ક્રમે જામજોધપુર તાલુકો છે. જેમાં અન્ય તાલુકાઓની સરખામણીએ વધુ કાલાવડ અને જામજોધપુર પંથકમાં જ આ વખતે સારો વરસાદ નોંધાયો છે. જ્યારે ઘણા ગામોના ખેડૂતો હજુ પણ સારા વરસાદની આશામાં બેઠા છે.

# જિલ્લા ફરિયાદ અને સંકલન સમિત્તિની બેઠકમાં અનેક પ્રશ્નો રજૂ કરતાં રાઘવજી પટેલ

**સમય સંદેશઃ જામનગર**



જામનગર જીલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ જીલ્લા ફરીયાદ સમિતીની બેઠકમાં ધારાસભ્ય જામનગર જીલ્લાના અલગ-અલગ વિભાગના ચાલુ અને પેન્ડીંગ પ્રશ્નો રજુ કરેલ હતા.

જેમાં મુખ્યત્વે સિંચાઇ, માર્ગ અને મકાન, જમીન, એસ.ટી., પાણી પુરવઠા, પી.જી.વી.સી.એલ., મત્સ્ય વિભાગ, ફોરેસ્ટ વિભાગ ના જુદા-જુદા ગામોના પ્રશ્નો રજુ કરેલ હતા. ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડુતો અને માલધારીઓ માટે ઘાસચારાની અછતની સ્થિતિ સર્જાયેલ છે. માલધારીઓને અને ખેડુતોને ઘાસચારાના કારણે મુશ્કેલી ન પડે તે માટે રાહતદરે ઘાસ વિતરણ કરવા ઘાસ ડેપો નક્કી કરી ચાલુ કરવા કલેકટરશ્રીને ખાસ રજુઆત કરેલ. તેમજ સરકારના જુદા જુદા વિભાગોને વિકાસના પ્રશ્નો રજુ કરેલ હતા. સિંચાઇ વિભાગના પ્રશ્ન અતર્ગત વાગડીયા સિંચાઇ યોજનામાં ડુબમાં ગયેલ અને બાકી રહેલ લોકોને તાત્કાલિક પ્લોટ ફાળવવા, સુજલામ સુફલામ યોજનાના ગત વર્ષના પુર્ણ થયેલ કામોના બાકી પેમેન્ટ કરેલ હતી.

જમીનના પ્રશ્નમાં મુખ્યત્વે ધ્રોલ તાલુકાના સુમરા ગામે સમાજવાડી બનાવવા માટેની માંગણીવાળી જગ્યાનું દબાણ દુર કરવું, સચાણા ગામે બાકી રહેલ પ્રોપર્ટીકાર્ડ તાત્કાલિક આપવા, જામનગર તાલુકાના ખીજડીયા ગામે ફોરેસ્ટ વિભાગની હસ્તકની જમીનની હદ નક્કી કરી વધારાની જમીન પર ફોરેસ્ટ વિભાગનો કબ્જો હોય તો જમીન ખુલ્લી કરાવવી, જાબુંડા ગામે આઇ.સી.આઇ.સી.આઇ. બેન્કમાંથી બોજા યુક્તિની નોંધ પડતી ન હોય ખેડુતોને બોજા મુક્તિની નોંધ પડે તેવી વ્યવસથા કરવી.

પંચાયત વિભાગના પ્રશ્નો અંતર્ગત જામનગર તાલુકાના રસુલનગર અને ગોરધનરની ગ્રીનવીલા સોસાયટીમાં સ્ટ્રીટ લાઇટનું કામ તાત્કાલિક પુરૂ કરવું, જામનગર તાલુકાના જુના નાગના ગામે આંગણવાડીનું મકાનનું કામ મંજુર કરવું, જામનગર તાલુકાના માંગણીદાર ખેડુતોની ઓરીયા-ધોરીયાની નવી અરજી મંજુર કરવી તથા રીન્યુ કરવા પાત્રને રીન્યુ કરવી.તેમજ જી.એસ.એફ.સી.ની સર્વગ્રાહી યોજના અંતર્ગત મંજુર થયેલ કામો તાત્કાલિક ચાલુ કરવા.

આમ ઉપર મુજબ જામનગર જીલ્લાના વિકાસને લગતા પર જેટલા પ્રશ્નો ધારાસભ્ય રાઘવજીભાઇ પટેલે રજુ કરેલ હતા તેમજ આ ફરીયાદ સમિતિની બેઠકમાં મૌખિક પ્રશ્નો પણ રજુ કરેલ હતા. જેમાં પી.જી.વી.સી.એલ., જીલ્લા પંચાયત, વિ.વિભાગોના પ્રશ્નો રજુ કરેલ હતા. જેમાં મોટા ભાગના પ્રશ્નોનો સ્થળ પર હકારાત્મક નિકાલ કરવામાં આવેલ અને બાકી રહેલ પ્રશ્નો ટુંક સમયમાં હાથ પર લઇ નિકાલ કરવા લગત વિભાગના અધિકારીઓને સુચના આપવામાં આવેલ હતી.

# ધ્રોલ-જોડિયા રોડ પર ગેરકાયદે રેતી ખનન સામે ખાણખનિજ વિભાગની કાર્યવાહી

## લોડર અને ટ્રેક્ટર સાથે આશરે રૂપિયા ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો

**સમય સંદેશઃ ધ્રોલ**

ભૂસ્તરશાસ્ત્રી, જામનગરની સૂચનાના આધારે ધ્રોલ-જોડિયા રોડ પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન એક લોડર અને એક ટ્રેક્ટર દ્વારા ગેરકાયદેસર રીતે સાદી રેતીનું ચારણ તેમજ પરિવહન કરવામાં આવી રહ્યું હોવાનું ઝડપાયું હતું.

તપાસ દરમિયાન જીજે-૧૦-સીઈ-૫૬૮૯ નંબરનું લોડર તથા જીજે-૧૦-ડીઈ ૬૦૪૮ નંબરનું ટ્રેક્ટર સ્થળ પરથી કબજે લેવામાં આવ્યા હતા. લોડરના માલિક કરસનભાઈ ઘેલાભાઈ વ, રહે. ધ્રોલ, દ્વારા સાદી રેતીના જથ્થા અંગે કોઈપણ પ્રકારના આધાર-પુરાવા કે કાયદેસર પરવાનગી રજૂ કરી શકાઈ નહોતી. જેથી સાદી રેતીનો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહિત અને પરિવહન કરવામાં આવતો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાતા ખાણ અને ખનિજ નિયમો મુજબ કાર્યવાહી કરીને રેતીનો જથ્થો તેમજ બંને વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા બંને વાહનો સીઝ કરીને ધ્રોલ ખાતે આવેલ સોના સ્ટોન ખાતે કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. સમગ્ર કાર્યવાહી દરમિયાન આશરે રૂપિયા ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર કાર્યવાહી ભૂસ્તરશાસ્ત્રી કચેરીની ટીમ દ્વારા કરવામાં આવી હતી, જેમાં નૈતિક કણજારિયા સહિતની ટીમે તપાસ હાથ ધરી હતી.



# જામનગરમાં શુક્રવારે ધારાસભ્યની આગેવાનીમાં રકતદાન કેમ્પ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સૌરાષ્ટ્ર પટેલ સમાજના પૂર્વ પ્રમુખ તથા પૂર્વ સંસદ સભ્ય સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા તેમજ સ્વ. વિમલભાઈ ગલાણીની પુણ્યતિથિના અવસરે માનવસેવાના ઉમદા હેતુથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય દિવ્યેશ અકબરીની આગેવાની હેઠળ મિત્ર મંડળ દ્વારા આયોજિત આ બ્લડ ડોનેશન કેમ્પ તા. ૨૪ જુલાઈ, ૨૦૨૬ ને (શુક્રવાર)ના રોજ સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી શ્રી લેઉવા પટેલ સેવા સમાજ, સરદાર પટેલ ચોક, રણજીતનગર, જામનગર ખાતે યોજાશે. આયોજકો દ્વારા શહેરના યુવાનો, સમાજના આગેવાનો તેમજ નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્વૈચ્છિક રક્તદાન કરીને માનવસેવાના આ મહાયજ્ઞમાં સહભાગી બનવા હાર્દિક અપીલ કરવામાં આવી છે. રક્તદાનથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓ અને થેલેસેમિયા સહિતના દર્દીઓને જીવનદાન મળી શકે છે. તેથી વધુમાં વધુ રક્તદાતાઓ આ કેમ્પમાં જોડાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ધ્રોલનો શ્રમિક યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો

## ૨૫ હજારના બદલામાં ૧.૧૫ લાખ ચુકવી દીધા છતાં વધુ નાણાં કઢાવવા ધમકી અપાતી હોવાની ફરિયાદ

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગરના ધ્રોલના ચંદનવાસ વિસ્તારમાં રહેતા અને ઇટ્ટના ભઠ્ઠામાં મજુરીકામ કરતા જીવણભાઈ દેવજીભાઈ ચાવડાએ આરોપી તોસીફ જુસબભાઇ દલ (રહે.હાલ નંદનવન સોસાયટી, ધ્રોલ જી.જામનગર) અને મુસ્તુફા સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર વર્ષ ૨૦૨૩ માં ઓગસ્ટ મહીનામાં ફરિયાદીના પિતાને પેટમાં દુ:ખાવાની બિમારી હોવાથી સારવાર માટે રૂપીયાની જરૂરીયાત જ જણાતા ફરિયાદીના પિતા દેવજીભાઇ જે-તે વખતે નાણા ધીરધાર લાયસન્સધારક તોસીફ જુસબભાઇ દલ (રહે, હાલ નંદનવન સોસાયટી, ધ્રોલ) પાસેથી રૂપીયા ૨૫,૦૦૦ માસીક ૨૫ ટકા વ્યાજે (દસ ટકા) લેખે લીધા હતા. આ વખતે ફરિયાદીના પિતાએ સીક્યુરીટી પેટે સહી સાથેનો ચેક આપી દીધો હતો.

ત્યારબાદ અત્યારસુધીમાં રૂ.૧.૧૫ લાખ ચૂકવી દીધા હતા. છતાં આરોપી તોફીકે કહ્યું કે તમારે મને ૨૫,૦૦૦ રોકડા રૂપીયા આપવા પડશે અને જો તમે મારા રોકડા રૂપીયા કે મહીનાનો વ્યાજ નહી આપો તો હું તમારો ચેક બેંકમાં નાખીશ. અને કહ્યું કે હવે હું જોઇ લઇશ તમે કેમ મને મારા રોકડા રૂપીયા કે વ્યાજ નથી. થોડા દિવસ પહેલા તોસીફની ઓફીસમાં કામ કરતો મુસ્તફા ફરિયાદી પાસે જઈ ને કહ્યું કે મને તોસીફે મોકલેલ છે તમે તોસીફે આપેલા રૂ. ૨૫,૦૦૦ અથવા વ્યાજ આપો. તેમ કહી ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

# જામનગરમાં ડિમોલેશનના દિવસો પછી પણ કાટમાળ ન ઉપડતાં અવરોધાતો ટ્રાફિક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે ચોમાસા પહેલાં તકેદારીના ભાગરૂપે જર્જરીત અને ભયજનક ઇમારતો તોડવાની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી આવકાર્ય અને અનિવાર્ય છે. પરંતુ આ વખતે આ કામગીરીને આનુસંગીક કામ કરવામાં તંત્રને ફુરસદ મળી ન હોય તેમ લાગે છે.



તસવીરઃ હિરેન ગાંધી

દિવસો સુધી જૂના રેલવે સ્ટેશન સર્કલ પાસે આવેલ ૭૮ વર્ષ જૂની ગીતા લોજનું જર્જરીત બિલ્ડીંગ તોડવાનું કામ કરવામાં આવ્યું હતું. પરંતુ આ કામગીરીના એક સપ્તાહ પછી પણ પાડતોડનો કાટમાળ હજુ સ્થળ ઉપર પથરાયેલો હોવાથી ટ્રાફિકમાં ભારે અડચણ થતી હોવાથી વાહનચાલકોને મુશ્કેલી થાય છે. આવી જ હાલત ત્રણ દરવાજા પાસે વર્ષો જૂની કસ્ટમ હાઉસ તરીકે ઓળખાતી જર્જરીત અને બિનઉપયોગી ઇમારત તોડી તે સ્થળે પણ જોવા મળે છે.

# ખાટલે મોટી ખોટઃ સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી જી.જી.હોસ્પિટલમાં થાઈરોઈડના રિપોર્ટ થતા નથી


**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ લોકહિતના પડતર પ્રશ્નો અંગે આક્રમક રજૂઆત કરી હતી. ખાસ કરીને જી.જી. હોસ્પિટલમાં ઓક્ટોબર-૨૦૨૩થી બંધ પડેલા થાઈરોઈડ ટેસ્ટ અને જૂન-૨૦૨૬માં ખાનગી લેબનું ખધગ પૂર્ણ થયા છતાં નવી ટેન્ડર પ્રક્રિયાના વિલંબ અંગે તેમણે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ગરીબ દર્દીઓની આર્થિક હાલાકી દૂર કરવા તેમણે હોસ્પિટલમાં તાકીદે નવું મશીન ખરીદીને મફત ટેસ્ટિંગ સુવિધા પુનઃ શરૂ કરવા કડક માગ કરી હતી.

વરસાદ ખેંચાતા સિંચાઈની તાતી જરૂરિયાત વચ્ચે ખેડૂતોના વાવેતરને બચાવવા માટે તેમણે પીજીવીસીએલના અધિકારીઓને સ્પષ્ટ ટકોર કરી હતી. સરકારનો ૧૦ કલાક વીજળી આપવાનો પરિપત્ર માત્ર કાગળ પર ન રહી જાય તે સુનિશ્ચિત કરી, ખેડૂતોને વિના વિક્ષેપે પૂરતો વીજ પુરવઠો આપવા તેમણે કડક શબ્દોમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત તેમણે લાલપુરના વાવડી ગામે પશુઓ માટે ગૌચર જમીન ફાળવવા, વાડી વિસ્તારના ખેડૂતોને તલાટીના દાખલા વિના સ્થળ તપાસ આધારે ઘરવપરાશનું વીજ કનેક્શન આપવા અને જિલ્લા આયોજન કચેરી દ્વારા ગ્રાન્ટના વિકાસકામોમાં વારંવાર ક્વેરીઓ કાઢવાને બદલે એકસાથે પૂર્તતા કરાવી કામો ઝડપથી ઉકેલવા રજૂઆત કરી હતી.

# જામનગરમાં સ્વાતંત્ર્ય સેનાની ચંદ્રશેખર આઝાદની જન્મજયંતિ ઉજવાશે



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ ટ્રસ્ટ દ્વારા ક્રાંતિવીર-બ્રહ્મવીર ચંદ્રશેખર આઝાદની ૧૨૦મી જન્મ જયંતિ નિમિતે તા.૨૩ જુલાઇ ૨૦૨૬ને ગુરૂવાર સાંજે ૫થી ૭ દરમિયાન શહેરના ડીકેવી સર્કલ, પીએન માર્ગ પાસે દરવર્ષની જેમ આ વર્ષે પણ નિઃશુલ્ક રોપા વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે તો વધુ માહિતી માટે મો.૯૦૯૯૦ ૯૫૧૮૬ નો સંપર્ક કરવા જણાવાયું છે અને જામનગરની પ્રકૃતિ પ્રેમી જનતાને લાભ લેવા જણાવાયું છે.

# દ્વારકાના યુવાન પાસે તોતિંગ વ્યાજ વસુલીને જાનથી મારી નાખવાની ધમકી આપતા શખ્સ સામે ફરિયાદ

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના અંબુજા નગર વિસ્તારમાં રહેતા અને ઈલેક્ટ્રીક કામ કરતા નીલભાઈ રામજીભાઈ થોભાણી નામના ૪૦ વર્ષના વેપારી યુવાને વર્ષ ૨૦૨૪ ના સમય ગાળામાં દ્વારકાના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા સુનિલ રામલખનભાઈ નિશાદ નામના શખ્સ પાસેથી રૂપિયા પાંચ લાખની રકમ ૧૫ ટકાના વ્યાજ દરથી લીધી હતી.

આ પછી ફરિયાદી નીલ થોભાણીએ આરોપી સુનિલ નિશાદને કટકે કટકે રૂપિયા સાડા છ લાખ રોકડા તેમજ ઓનલાઈન ટ્રાન્જેક્શન મારફતે પરત આપી દીધા હતા. તેમ છતાં પણ આરોપી શખ્સ દ્વારા ફરિયાદી યુવાન પાસે વ્યાજ સહિત રૂપિયા સાડા સાત લાખની રકમની માંગણી કરવામાં આવતી હતી. જેથી ફરિયાદી યુવાને વધારે વ્યાજ તથા રકમ આપવાની ના કહેતા આરોપીએ તેમને ફોનથી તેમજ રૂબરૂ બોલાવીને બળજબરીપૂર્વક રકમ કઢાવવા માટે હેરાન-પરેશાન કરવામાં આવતા હતા.

આટલું જ નહીં, વ્યાજના પૈસાની માંગણી કરી, જો તે રૂપિયા નહીં આપે તો ફરિયાદી નીલભાઈને તેમજ તેમના અન્ય સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આને અનુલક્ષીને દ્વારકા પોલીસે બીએનએસની કલમ ૩૦૮ (૫) તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.એલ. ચોપડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરના સાંસદ પૂનમબેન સંસદીય કાર્યવાહીમાં જોડાયા



સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે. આ સત્ર દરમ્યાન જામનગરના સંસદસભ્ય પૂનમબેન માડમ નવી દિલ્હીમાં હાજર રહેશે. તા.૨૦/૦૭/૨૦૨૬ થી તા.૧૩/૦૮/૨૦૨૬ સુધી ચોમાસુ સત્ર દરમ્યાન કામકાજના દિવસોમાં જામનગરમાં મળી શકશે નહી. સંસદના ચોમાસુ સત્ર દરમ્યાન જામનગર જિલ્લામાં જામનગર ખાતે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળીયા તથા ભાણવડ ખાતે સંસદસભ્ય કાર્યાલય સવારે : ૯.૩૦ થી રાત્રે : ૮.૩૦ સુધી રાબેતા મુજબ નિયમીત રીતે કાર્યરત રહેશે.

# જુગાર રમતાં ત્રણ મહિલા સહિત નવ ઝડપાયા

## જામજોધપુર તાલુકાના પરડવા ગામે લીમડાના ઝાડ નીચે મંડાયો હતો જુગાર

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના પરડવા ગામની ભાણપર સોસાયટી વિસ્તારમાં રામભાઈ ગાંગડિયાના ઘરની બહાર આવેલા લીમડાના ઝાડ નીચે કેટલાક લોકો જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે 'તીન પત્તી રોન પોલીસ' નામનો જુગાર રમી પૈસાની હારજીત કરી રહ્યા હોવાની માહિતીના આધારે જામજોધપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન સવજીભાઈ રૂડાભાઈ વિંઝુડા, પરેશભાઈ વલ્લભભાઈ કટારિયા, ઈસ્માઈલભાઈ મામદભાઈ જખરાણી, રામભાઈ બાબુભાઈ ગાંગડિયા, બાવનજીભાઈ મંગાભાઈ ભટાસણીયા, વિશાલ ગોવિંદભાઈ ગુજરાતી, જલ્પાબેન રામભાઈ ગાંગડિયા, હંસાબેન મુકેશભાઈ ગુજરાતી અને શોભનાબેન દેવાભાઈ ગુજરાતીનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી ગંજીપત્તાના પાનાં તથા રોકડા રૂ. ૧૧,૭૨૦ મળી કુલ એટલા જ મૂલ્યનો મુદામાલ કબજે કર્યો હતો.

આ અંગે પોલીસ કોન્સ્ટેબલ વલ્લભભાઈ માલદેભાઈ ભાટુની ફરિયાદના આધારે એએસઆઈ એસ. આર. પરમારની રૂબરૂમાં જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ધ્રોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોદ્દેદારોની વરણી

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના હોદ્દેદારોની તા. ૧૮/૦૭/૨૦૨૬ને સત્તાવાર જાહેર કરવામાં આવેલ. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન તરીકે રસિકભાઈ ભંડેરી અને વાઇસ ચેરમેન તરીકે મયુરસિંહ જાડેજાની વરણી કરવામાં આવેલ. સહકારી ક્ષેત્રના પીઢ અગ્રણી રસિકભાઈ ભંડેરી સતત પાંચમી વખત ચેરમેન પદે બિનહરિફ



ચૂંટાઈ આવ્યા છે. બીજી તરફ વાઇસ ચેરમેન તરીકે મયુરસિંહ જાડેજા ની પણ બિનહરિફ વરણી થતાં સમગ્ર ચૂંટણી પ્રકિયા સુમેળભર્યા વાતાવરણમાં પૂર્ણ થઈ હતી. ખેડૂતો વેપારીઓ અને કાર્યકરોએ બંને હોદ્દેદારોની વરણીને આવકારી હતી, પૂર્વ કેબિનેટ મંત્રી તથા ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ચોમાસા વચ્ચે પાણી અને ગટરના કામથી લોકો પરેશાનઃ રોડ પર ગંદુ પાણી ભરાતા રોગચાળો ફેલાવાની ભીતિ

## મામા સાહેબના મંદિરથી આણદાબાવા ચકલા સુધીના માર્ગ પર ગંદકી અને પાણીના ભરાવાથી લોકો ત્રસ્ત

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ મહાનગરપાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. શહેરના મામા સાહેબના મંદિરથી આણદાબાવા ચકલા સુધીના માર્ગ પર પાણી અને ગટરના કામના કારણે સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હોવાની ફરિયાદો સામે આવી છે. ચોમાસાની સિઝનમાં ચાલી રહેલી કામગીરીના કારણે અનેક સ્થળોએ ગંદુ પાણી રોડ પર ભરાઈ રહેતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.





તસવીરઃ હિરેન ગાંધી

ચોમાસા દરમિયાન રોડ પર ગંદા પાણીનો ભરાવો રહેતા વાહનચાલકો અને રાહદારીઓ માટે અવરજવર મુશ્કેલ બની રહી છે. બીજી તરફ લાંબા સમય સુધી ગંદુ પાણી ભરાઈ રહેવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ફેલાવાની ભીતિ પણ સ્થાનિકોમાં જોવા મળી રહી છે. એક તરફ શહેરમાં ચાંદીપુરા અને વાયરલ જેવા રોગોના કેસોને લઈને લોકોમાં ચિંતા જોવા મળી રહી છે, ત્યારે બીજી તરફ જાહેર રસ્તાઓ પર ગંદકી અને પાણીના ભરાવાની સમસ્યા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરી રહી છે. જો સમયસર ગંદુ પાણી દૂર કરવામાં નહીં આવે અને યોગ્ય સફાઈ કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં લોકોના આરોગ્ય સામે જોખમ ઊભું થઈ શકે તેવી સ્થિતિ સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

મામા સાહેબ મંદિરથી આણદાબાવા ચકલા સુધીના માર્ગ પર અમુક સ્થળોએ ગંદા પાણીનો ભરાવો અને ગંદકી જોવા મળતી હોવાના કારણે સ્થાનિકો દ્વારા મહાનગરપાલિકાની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, રસ્તા પર ભરાયેલા ગંદા પાણીના કારણે માત્ર અવરજવરની સમસ્યા જ નહીં પરંતુ આસપાસના વિસ્તારમાં દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધી શકે છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને અન્ય નાગરિકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સફાઈ અને પાણીના નિકાલની કામગીરી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા આ સમગ્ર મામલે તાત્કાલિક ધ્યાન આપી મામા સાહેબ મંદિરથી આણદાબાવા ચકલા સુધીના માર્ગ પર જ્યાં જ્યાં પાણીનો ભરાવો થયો છે ત્યાંથી ગંદુ પાણી દૂર કરવામાં આવે, ગંદકીની સફાઈ કરવામાં આવે તેમજ પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ ઉઠી છે.

# 30 લાખના ચેક પરતના કેસમાં મિત્ર વેપારી આરોપીને એક વર્ષની સજાનો હુકમ યથાવત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં મિત્રતાના નાતે ધંધાને વધારવા આપેલ ૩૦,૦૦,૦૦૦ ના ચેક રીર્ટન કેસમાં એક વર્ષની સજા તથા વળતર ચુકવવાનો હુકમ ડીસ્ટ્રીકટ કોર્ટ યથાવત રાખ્યો હતો. આ કેસની ટુંકી હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી નીપાબેન વિરલભાઈ ઝવેરી ના પતિ વિરલભાઈ વસંતભાઈ ઝવેરી આરોપી વાહદ કન્સ્ટ્રક્શનના પ્રોપરાઈટર, સલીમભાઈ ભાઈજીભાઈ મોદન એકબીજા ના સારા મિત્રો થતા હોય, જેથી આરોપીને કન્સ્ટ્રકશનના બીઝનેશ માટે નાણાકીય જરૂરીયાત ઉપસ્થિત થતા ફરીયાદીના પતિને વાત કરતા ફરીયાદી એ સબંધદાવે રૂપીયા ૩૦,૦૦,૦૦૦ અંકે રૂપીયા ત્રીસ લાખ પુરા આપેલ હતા.

જે રકમ પરત ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને રૂપીયા ૩૦,૦૦,૦૦૦ પુરા બેંક ઓફ બરોડા નો આરોપીની પેઢીનો ચેક આપેલ હતો, અને ચેક આપતી વખતે આરોપીએ એવી ખાત્રી વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેક બેંકમાં જમા કરાવતા ચેક મુજબની રકમ પરત મળી જશે, તે મુજબ ફરીયાદીએ પોતાની બેંકમાં ચેક જમાં કરાવતા, તે ચેક ફંડ ઇન્શફીશીયન્ટ ના શેરા સાથે પરત ફરેલ.

ત્યારબાદ, ચેક મુજબ ની રકમ દિવસ -૧૫ માં પરત ચુકવી આપે તે મુજબ ની ફરીયાદીએ પોતાના વકિલ શ્રી મારફત નોટીસ મોકલાવેલ. જે નોટીસ નો આરોપીએ કોઈ જવાબ આપેલ નહી અને ચેક મુજબ ની રકમની માંગણી કરવા છતા ચુકવેલ નહી, જેથી ફરીયાદીએ અદાલતમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળે ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હતી, અને તે કેસ પ્રિસાઈડીગ ઓફીસર સ્પે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટમાં ચાલી જતા અને સમગ્ર પુરાવાનું મુલ્યાંનકન કરી આરોપી વાહદ કન્સ્ટ્રકશનના પ્રોપરાઈટર, સલીમભાઈ ભાઈજીભાઈ મોદન ને ક્રિમિનલ પ્રોસીઝર કોડ ની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોર્ડની કલમ-૩૫૭(૩) મુજબ રૂપીયા ૩૦,૦૦,૦૦૦ ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા અને જો

અનુ પાના નં.૨ પર

# બાળકોના ક્રિકેટ રમવાની બાબતે થયેલ તકરારનો ખાર રાખી દંપતિ ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મધુરમ રેસીડન્સી, મધુરેશ્વર મહાદેવ મંદિર પાસે, વિનાયક પાર્ક, રામેશ્વરનગરમા રહેતા અને, ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા ફરિયાદી નરેન્દ્રસિંહ બટુકસિંહ ગોહીલ (ઉં.વ. ૪૭) એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ પત્ની હર્ષાબા અને પુત્ર સાથે લોનના કામ માટે બેંકે ગયા હતા. બપોરે ઘરે પરત ફરતાં તેમના ઘરની સામે રહેતો હરદીપસિંહ પ્રધ્યુમનસિંહ જેઠવા શેરીમાં ઊભો હતો. તે દરમિયાન હરદીપસિંહે ફરિયાદીને ગાળો આપતાં બોલાચાલી શરૂ થઈ હતી.

બોલાચાલીનો અવાજ સાંભળી હરદીપસિંહના પિતા પ્રધ્યુમનસિંહ જેઠવા તથા માતા અરૂણાબા પણ બહાર આવી ફરિયાદી અને તેમની પત્ની સાથે ઝઘડામાં જોડાયા હતા.



ફરિયાદ મુજબ ત્રણેયે ગાળાગાળી કરીને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન હરદીપસિંહ ઘરમાંથી લાકડાનો ધોકો લાવી ફરિયાદીના માથા અને ડાબા પગના ગોઠણ પર ઘા કર્યા હતા. પતિને બચાવવા વચ્ચે પડેલી હર્ષાબાના માથામાં પણ ધોકાનો ઘા વાગ્યો હતો.

હુમલા બાદ બંને ઇજાગ્રસ્તોને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોકટરોએ બંનેના માથામાં છ-છ ટાંકા લેવા પડ્યા હોવાનું તેમજ શરીરે અન્ય મુઢ ઇજાઓ હોવાનું જણાવ્યું હતું. ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે બનાવ બાદ પ્રધ્યુમનસિંહે ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આશરે બે મહિના પહેલાં બાળકોની ક્રિકેટ રમવાની બાબતે બંને પરિવારો વચ્ચે બોલાચાલી અને મારામારી થઈ હતી.

તે ઘટનાનો ખાર રાખીને આ હુમલો કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સીટી 'બી' પોલીસે ફરિયાદના આધારે હરદીપસિંહ પ્રધ્યુમનસિંહ જેઠવા, પ્રધ્યુમનસિંહ જેઠવા અને અરૂણાબા જેઠવા સામે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. પી. કે. ગુઢકાને સોંપી છે.

# જામનગરમાં બે વિપક્ષી કોર્પોરેટરો વચ્ચેની ગેંગવોર બાદ ગુજસીટોકના કેસમાં અનેક મહત્વના પુરાવા કોર્ટમાં મુકાયા

## તપાસનીસ અધિકારી સિટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાએ રાજકોટની ખાસ કોર્ટમાં રજૂ કર્યું તહોમતનામું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મનપાના બે વિપક્ષી કોર્પોરેટર અને તેમના સાગરિતો સહિત બંને જૂથના ૨૯ શખ્સો સામે તા.૫ એપ્રિલના રોજ નોંધાયેલા ચર્ચાસ્પદ ગુજસીટોક કેસમાં પોલીસે તપાસનો સકંજો વધુ કસ્યો હતો. બંને જૂથ સામેના કેસના તપાસનીશ અધિકારી તથા જામનગર શહેરના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાએ ગઈકાલે રાજકોટની ખાસ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતી ટોળકીના





આરોપોને મજબૂત બનાવવા માટે મહત્વના દસ્તાવેજી, મૌખિક અને ઇલેક્ટ્રોનિક પુરાવાઓ એકત્ર કરીને કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યા હતા.

મહાનગરપાલિકાના બે વિપક્ષી કોર્પોરેટર વચ્ચેની રાજકીય વડસડ હિંસક બન્યા બાદ રાજકોટ રેન્જ આઇજીની સૂચનાથી પૂર્વ વિપક્ષી નેતા અલ્તાફ ખફી અને અસલમ ખીલજી સહિત તેના જૂથના ૨૯ શખ્સોને એપ્રિલમાં ગુજસીટોકના સકંજામાં લેવાયા હતા. હાલ તમામ આરોપીઓ સુરત, વડોદરા અને અમરેલી સહિતની જેલમાં બંધ છે. તપાસ દરમિયાન પોલીસે કેટલાક ગુપ્ત સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા, તેમજ આરોપીઓની ક્રાઇમ કુંડળી અને ડિજિટલ પુરાવાઓ એકત્ર કરીને કોર્ટમાં સોંપ્યા હતા.

વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અસલમ ખીલજી પર તા.૨૯

અનુ પાના નં.૨ પર

# માતા-પિતાએ પોલીસને પકડી રાખતા આરોપી ભાગી છૂટ્યો

## સરમત ગામે જૂની અદાવતમાં ભત્રીજા ઉપર કાકાનો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના સરમત ગામમાં જૂની અદાવતના કારણે કુટુંબી કાકાએ યુવાન પર ધારીયું અને છરી સાથે આવી પથ્થરોના ઘા ઝીંકયા હતા. જેને લઇને આરોપીની ધરપકડ કરવા સિક્કા પોલીસ પહોંચી હતી. હતી ત્યારે આરોપીના માતા-પિતાએ પોલીસ સાથે ધક્કામુક્કી કરી ફરજમાં રૂકાવટ ઉભી કરી આરોપી પુત્રને ભગાવી મૂક્યો હતો. જેને લઇને આરોપી અને તેના માતા-પિતા સહિત ત્રણ સામે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

મારામારી કેસમાં સંડોવાયેલા સરમત ગામના શખ્સ ભીષ્મરાજસિંહ જાડેજા સામે અગાઉના ગુનામાં કોર્ટ દ્વારા જામનગર જિલ્લાના હદ વિસ્તારમાં પ્રવેશવા પર પ્રતિબંધ સાથે જામીન મુક્ત થયો હતો. તેમ છતાં આરોપી કોર્ટના હુકમનો ભંગ કરીને સરમત ગામમાં ઘૂસી કુટુંબી ભત્રીજા પૃથ્વીરાજસિંહ હનુભા જાડેજા પર ધારીયું અને છરી સાથે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

જો કે, હાજર લોકો વચ્ચે પડતા આરોપીએ છૂટા પથ્થરોના ઘા ઝીંક્યા હતા. આ કેસની ફરિયાદ નોંધાયા બાદ સિક્કા પોલીસ સરમતમાં આરોપી ભીષ્મરાજસિંહની ધરપકડ અર્થે પહોંચી હતી. આ વેળાએ પોલીસની કામગીરીમાં તેના પિતા હઠીસિંહ જાડેજા અને માતાએ તમને નોકરી નહી કરવા દઇએ તેવી પોલીસને ધમકી આપી, સ્ટાફના ચંદ્રકાંતભાઇ દામજીભાઇ ગાંભવાને પકડી ધક્કા માર્યા હતા. ધક્કા મુક્કી દરમિયાન ભીષ્મરાજસિંહ સ્ટાફને ધક્કો મારી ભાગી છૂટયો હતો. જેને લઇને ચંદ્રકાંતભાઇની ફરિયાદના આધારે ભીષ્મરાજસિંહ સહિત ત્રણ સામે ગુનો નોંધાયો છે.

# દ્વારકા, કલ્યાણપુર, ખંભાળિયામાંથી ૧૫ જુગારી પકડાયા

## દાત્રાણા ગામે વાડીના મકાન પર દરોડોઃ દોઢ લાખનો મુદ્દામાલ જપ્તઃ ઈસ્કોન ગેટ પાસેથી ચારની ધરપકડ

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ખંભાળિયા વિસ્તારમાં રવિવારે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન આશરે પોણા બે વાગ્યાના સમયે એલસીબી સ્ટાફના મસરીભાઈ ભારવાડીયા, ખીમાભાઈ આંબલીયા અને લાખાભાઈ પિંડારિયાને મળેલી બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના દાત્રાણા ગામે રહેતા રામ વજશીભાઈ





ચાવડા નામના શખ્સ દ્વારા પોતાની વાડીએ આવેલા તેના માલિકીના મકાનમાં બહારથી માણસો ભેગા કરી અને અહીં તેઓને લાઈટ, પાણી, જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડીને તેના બદલામાં નાલ ઉઘરાવીને ચલાવતા જુગારના અખાડા પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સ્થળેથી પોલીસે રામ વજશી ચાવડા, હેભા આલા ચાવડા, ગોવિંદ મેરામણ ચાવડા, રાયદે સુકાભાઈ ચાવડા, ભાયા રાજશી બેરા, ઈમરાન આમદ ચાવડા અને જેસા કારુ માડમ નામના સાત શખ્સોને ઝડપી લીધા હતા. આ સ્થળેથી પોલીસે રૂપિયા ૧,૨૦,૬૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૦,૦૦૦ ની કિંમતના બે મોટરસાયકલ અને રૂપિયા ૨૦ હજારની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૫૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

અન્ય એક કાર્યવાહીમાં એલસીબીની ટીમ દ્વારા દ્વારકા વિસ્તારમાં હાથ વધારવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એલસીબીના એ.એસ.આઈ. કુલદીપસિંહ જાડેજા, પીઠાભાઈ ગોજીયા, પ્રદિપસિંહ જાડેજા અને જયપાલસિંહ જાડેજાની બાતમીના આધારે ઈસ્કોન ગેઈટ, રાવણા તળાવ પાસેના આશ્રમની બહાર બેસીને રાત્રિના આશરે સાડા બારેક વાગ્યાના સમયે સ્ટ્રીટ લાઈટના

અનુ પાના નં.૨ પર

# કાલાવડના રણુજા રોડ ઉપર બે બાઈક અથડાતા રાજકોટના ચાર ઘાયલ

**સમય સંદેશઃ કાલાવડ**

રાજકોટમાં માંડા ડુંગર વિસ્તાર, ભીમરાવનગર શેરી નંબર-૧૧માં રહેતા પ્રકાશભાઈ પીઠાભાઈ રાઠોડએ એક બાઈક ચાલક સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તા.૧૬ની બપોરે અઢી વાગ્યાના અરસામાં તેઓ કાલાવડ-રણુજા રોડ ઉપરથી બાઈકમાં પરિવાર સાથે પસાર થતા હતા ત્યારે રાજકોટ પાસીંગના બાઈક ચાલકએ પોતાનું બાઈક બેફીકરાઈથી ચલાવીને પોતાના (ફરિયાદીના) બાઈક સાથે ટકરાવીને પ્રકાશભાઈને જમણા પગમાં ફ્રેક્ચરની, તેના મોટા દીકરા રુદ્ર (ઉં.વ.૧૧) ને જમણા પગમા સાથળના ભાગે ગંભીર ઈજા, નાના પુત્ર રિયાંશ (ઉં.વ.૪) ને માથાના ભાગે છોલ-છાલની તેમજ પત્ની હિનાબેનને પણ શરીરે મુંઢ ઈજા પહોચાડી હતી. કાલાવડ પોલીસે બનાવની ફરિયાદ લઈને હે. કો. ડી. એસ. જાડેજાને તપાસ સોંપી છે.

# જામજોધપુરના ભુપત આંબરડીમાં ભાણેજ પર મામાનો હુમલો

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ભુપત આંબરડી ગામમાં ખેતીની જમીનના વિવાદને લઇને સગા મામા-મામીએ ભાણેજ સાથે ઝઘડો કરી હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ઇજાગ્રસ્ત યુવાને શેઠ વડાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જામનગરના જડેશ્વર પાર્ક વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા ૩૪ વર્ષીય વિમલભાઇ સોમાતભાઇ વાણીયા શુક્રવાર તા.૧૭ જુલાઇ-૨૦૨૬ના રોજ બપોરે આશરે ત્રણ વાગ્યે પોતાની માતા સાથે ભુપત આંબરડી ગામે આવેલી ખેતીની જમીન પર ગયા હતા. ફરિયાદ મુજબ આ જમીન વિમલભાઇના માતાના સંયુક્ત નામે આવેલી છે અને તેમાં તેમના મામા સવદાસભાઇ ધનાભાઇ કંડોરીયા વાવેતર કરતા હતા. વિમલભાઇએ મામાને જમીનમાં વાવેતર ન કરવા કહેતા મામા સવદાસભાઇ અને મામી ડાયબેન ઉશ્કેરાઇ ગયા હતા.


આ દરમિયાન સવદાસભાઇએ ગાળાગાળી કરી વિમલભાઇના ડાબા પગમાં લાકડીનો ફટકો માર્યો હતો. ફટકો વાગતા વિમલભાઇ ખેતરની વંડી પરથી નીચે પડી ગયા હતા અને તેમને ઇજા પહોંચી હતી. તેમની માતાએ વચ્ચે પડી પુત્રને વધુ મારથી બચાવ્યો હતો. આરોપીઓએ આ જમીનમાં ફરી પગ મુક્તો નહીં. નહીં તો ટાંટીયા ભાંગી નાખીશું તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી

અનુ પાના નં.૨ પર

# વિખ્યાત ક્રિકેટર સર ગેરી સોબર્સને જામસાહેબની શ્રદ્ધાંજલિ

**સમય સંદેશઃ જામનગર**

વિશ્વ ક્રિકેટના મહાનતમ ઓલરાઉન્ડર્સમાંના એક એવા સર ગારફિલ્ડ (ગેરી) સોબર્સના નિધનથી સમગ્ર ક્રિકેટ જગતમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. આ દુઃખદ સમયે જામનગરના મહારાજા જામસાહેબે જામનગર પેલેસ ખાતેથી એક ભાવપૂર્ણ શોકસંદેશ જાહેર કરીને સર ગેરી સોબર્સને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. જામસાહેબે પોતાના શોકસંદેશમાં જણાવ્યું હતું કે સર ગેરી સોબર્સ વિશ્વના સૌથી સર્વશ્રેષ્ઠ અને સંપૂર્ણ ક્રિકેટરોમાંના એક હતા.





તેઓ એવા વિરલ રમતવીર હતા જેમણે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ - ત્રણેય ક્ષેત્રમાં અસાધારણ પ્રદર્શન કર્યું હતું. તેઓ ઓપનિંગથી લઈને નીચલા ક્રમ સુધી ગમે ત્યાં બેટિંગ કરી શકતા, ઝડપી બોલિંગથી લઈને સ્પિન શૈલી સુધી બોલિંગમાં વિવિધતા લાવી શકતા અને સાથે સાથે સારા વિકેટકીપર પણ હતા. તેમનું નિધન એ ક્રિકેટ જગત માટે ક્યારેય ન પુરાય તેવી મોટી ક્ષતિ છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com